Extra No. 424

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, DECEMBER 1, 2025 / AGRAHAYANA 10, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબનું

ક્રમાંકઃટફક/મજુરાગેટ તથા ઉધના મેટ્રો સ્ટેશન/જાહેરનામું/૧૧૭૭૧/૨૦૨૫.- સુરત શહેર ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત (૧) મજુરાગેટ મેટ્રો સ્ટેશન તથા (૨) ઉધના દરવાજા મેટ્રો સ્ટેશનની કામગીરી ઝડપી અને કોઈ પણ જાતના આક્સ્મીક પ્રસંગો સિવાય સહી-સલામત રીતે પૂર્ણ થાય તેવા હેતુથી તેમજ રોજીંદા વાહન વ્યવહારને ટ્રાફિક સમસ્યાની ખુબ જ ઓછી તકલીફ પડે તે મુજબ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે સારૂ (૧)કૃષી મંગલ હોલથી મજુરા ગેટ ચાર રસ્તા તરફ જતાં ડાબી બાજુનો સર્વીસ રોડ (૧૬૦ મીટર) તેમજ (૨) સોની TV શો રૂમથી ઉધના દરવાજા ચાર રસ્તા તરફ જતાં (૨૦૦ મીટર) રોડ તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી બે માસ (૨૪ કલાક) માટે ઉપરોકત કામગીરી વાળા રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકવા જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS) પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ સુરત શહેર વિસ્તારમાં (૧) મજુરાગેટ મેટ્રો સ્ટેશન તથા (૨) ઉધના દરવાજા મેટ્રો સ્ટેશનની કામગીરી ઝડપી અને કોઈ પણ જાતના આક્સ્મીક પ્રસંગો સિવાય સહી-સલામત રીતે પૂર્ણ થાય તેવા હેતુથી (૧) કૃષી મંગલ હોલથી મજુર ગેટ ચાર રસ્તા તરફ જતાં ડાબી બાજુનો સર્વીસ રોડ (૧૬૦ મીટર) તેમજ (૨) સોની TV શો રૂમથી ઉધના દરવાજા ચાર રસ્તા તરફ જતાં (૨૦૦ મીટર) રોડ તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી બે માસ (૨૪ કલાક) માટે ઉપરોકત કામગીરી વાળા રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અ.નં.	પ્રતિબંધિત રૂટ	વૈકલ્પિક રૂટ
૦૧	કૃષી મંગલ હોલથી મજુરા ગેટ ચાર રસ્તા તરફ જતાં ડાબી બાજુનો સર્વીસ રોડ (૧૬૦ મીટર) તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	(૧) જુની RTO થી ઉધના દરવાજા, માનદરવાજા તથા સુરત રેલ્વે સ્ટેશન તરફ જવા માટેઃ- ● મજુરા ગેટ બંન્ને તરફનો ઓવરબ્રીજ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે ચાલુ રહેશે. (૨) જુની RTO થી ભટાર તથા એલ.બી.ટર્નીંગ તથા પ્રજાપિતા બ્રહ્માકુમારી તરફ જવા માટેઃ-

		● મજુરા ગેટ ઓવરબ્રીજ ઉપર થી નીચે ઉતરી ડાબી બાજુ થઈ-કડીવાલા સ્કુલથી જમણી બાજુ યુ-ટર્ન લઈ નવી સિવિલ હોસ્પીટલ થઈ ડાબી બાજુ વળાંક લઈ એલ. બી.ટર્નીંગ તથા પ્રજાપિતા બ્રહ્માકુમારી ભટાર તરફ જઈ શકાશે. ● જુની RTO થી જમણી બાજુ ચાન્સલર બિલ્ડીંગ થઈ ભુતમામા મંદીર થી ડાબી બાજુ થઈ ગોકુલમ ડેરી થઈ PF ઓફીસ થઈ ઘોડદોડ રોડ થઈ એલ.બી. તરફ તથા ભટાર તરફ જઈ શકાશે. ● જુની RTO થી જમણી બાજુ ચાન્સલર બિલ્ડીંગ થઈ ભુતમામા મંદીર થી ડાબી બાજુ થઈ ગોકુલમ ડેરી થઈ PF ઓફીસ ડાબી બાજુ પાંજરાપોળ થઈ ઈન્કમટેક્ષ ઓફીસ થઈ મજુરા ગેટ તથા એલ.બી. તરફ જઈ શકાશે ● જુની RTO થી ડાબી બાજુ થઈ જીવન ભારતી ત્રણ રસ્તા થી ડાબી બાજુ થઈ લાર્ફીંગ બુધ્ધા સ્ટેચ્યુથી જમણી બાજુ થઈ સોરથીયા રામીમાળી પંચની વાડી થઈ મજુરાગેટ તરફ જઈ શકાશે.
૦૨	સોની TV શો રૂમથી ઉધના દરવાજા ચાર રસ્તા તરફ જતાં (૨૦૦ મીટર) રોડ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	● નિર્મલ હોસ્પીટલ થી યુનીક હોસ્પીટલ થઈ ડાબે ટર્ન લઈ રોકડીયા ચાર રસ્તા થઈ ઉધના દરવાજા તરફ જઈ શકાશે તથા ● 2.8 મીટરની ઉંચાઈ વાળા વાહનો ચામુંડા રેસ્ટોરેન્ટથી બ્રીજ નીચેથી સામેની સાઈડ જુની સબ જેલ થઈ જયેશ ભંડારી કબાબ એન્ડ ચીકન રેસ્ટોરેન્ટથી ડાબે થઈ ખટોદરા જી.આઈ.ડી.સી. માંથી સુરત-નવસારી રોડ તરફ આવી શકાશે. ● ICICI બેંક થી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TV ની દુકાન પાસેથી ડાબી બાજુ તરફથી પાછળના રસ્તા ઉપરની ઉધના ચાર રસ્તા તરફ નાના વાહનો (ફોર-વ્હીલ કાર તથા બાઈક તથા ઓટો રીક્ષા) માટે ખુલ્લો રહેશે.
૦૩	ઉધના દરવાજા ઓવરબ્રીજ તથા કડીવાલા ઓવરબ્રીજ વચ્ચે ગુજરાત સમાચાર પ્રેસની સામે જે બે બ્રીજ વચ્ચે ઉતરતાં અને ચઢતાં બે બ્રીજ વચ્ચેનો ગેપ બંધ કરી.	● ઉધના દરવાજાથી જુની સબજેલ સુધીના રોડ ઉપર આવવા-જવા માટે બંન્ને તરફનો ટ્રાફિક વ્યવહાર ચાલુ કરી ડાયવર્ઝન આપી શકાશે. ● ચામુંડા રેસ્ટોરેન્ટ થી બ્રીજ નીચે થી ડાબી બાજુ થઈ ઉધના દરવાજા તરફ તથા ઉધના દરવાજા થી જુની સબજેલ સુધી વચ્ચે બેરીકેટીંગ કરી ડાયવર્ઝન આપી શકાશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા પ્રસિદ્ધિ થતા ''મજુરાગેટ મેટ્રો સ્ટેશન'' ની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ અગાઉનો જાહેરનામા ક્રમાંકઃ ટ્રાફિક/મેટ્રો રેલ/મજુરાગેટ ઓવરબ્રિજ/જાહેરનામું/૧૧૧૩૦/૨૫, તા.૦૪/૧૧/૨૦૨૫ તથા ''ઉધના મેટ્રો સ્ટેશન'' ની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ અગાઉનો જાહેરનામા ક્રમાંકઃ :ટફક/ઉધના દરવાજા જંકશન/મેટ્રો રેલ /જાહેરનામું/૧૧૨૯૭/૨૦૨૫, તા.૧૦/૧૧/૨૦૨૫ આપો-આપ રદ્ ગણાશે.

આ હુકમ તા.૦૧/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી બે માસ (૨૪ કલાક) માટે અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત (શહેર)

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:58:06 IST